સાચો દીકરો

— નટવર ગોહેલ

એક છે પિતા.

બીજો છે પુત્ર.

બંને ચિંતામાં હતા.

વિચારમગ્ન હતા.

શું કરવું ?

પિતાએ દીકરા સામે જોયું. દીકરાએ લમણે હાથ દીધો. કોર્ટનું તેડું આવ્યું છે. ગયા વિના છૂટકો નથી.

પિતા કહે : 'દીકરા, કોર્ટે તેડાવ્યા છે. દેવું ચૂકવ્યું નથી. સામેની પાર્ટી છોડે તેમ નથી.'

પુત્ર કહે : 'શું કરીશું ?'

પિતા કહે : 'ઘરમાં અનાજનો એક દાણો ખરીદવા માટે પૈસા નથી.'

પુત્ર કહે : 'નાદારી નોંધાવવાનો વખત આવ્યો છે. આટલા બધા પૈસા આપણે ચૂકવી શકીએ તેમ નથી.'

વાત એમ છે કે પિતાએ લોકોને મદદ કરવા માટે છૂટા હાથે દાન કર્યું હતું. ઘણા લોકોને નાણાકીય મદદ કરી હતી. તેઓ ઉદાર અને ઉદાત્ત હતા. મદદ માટે હંમેશાં હાથ લંબાવતા હતા. પિતા કોઈની ગરીબીને જોઈ શકતા નહીં. મદદ કરવા માટે હંમેશાં હડી કાઢતા.

કોઈનો દીકરો પરણતો હોય અને નાણાં ના હોય તો મદદ કરે. કોઈ ઘર ભૂખે ટળવળતું હોય તો દોડીને મદદ કરે. કોઈને ધંધામાં ખોટ ગઈ હોય તો તેમાંયે મદદની ભાવના રાખે. એક મિત્રને પૈસાની જરૂર પડી.

પિતાએ મદદ કરી.

બસ, મિત્રને મદદ કરી એમાં મોટું દેવું થઈ ગયું. ગઈકાલ સુધી વાંધો ન હતો, આ મિત્રને મદદ કરવા જતાં મુશ્કેલી આવી.

હવે તો ઘરમાં ફૂટી કોડી સુધ્ધાં ન હતી. કરવું શું ?

મહાન કુળ.

મહાન આદર્શો.

સૌના હમદર્દ.

પિતાના માથે ઘણું બધું દેવું વધી ગયું હતું, છતાં દાન કરતા હતા. ક્યારેય પીછેહઠ કરતા ન હતા. છેવટે પિતા કોર્ટમાં પહોંચી ગયા. નાદારી નોંધાવી દીધી : 'મારે પૈસા તો ચૂકવવા છે પણ હવે મારી પાસે કશું બચ્યું નથી.'

કોર્ટમાં સન્નાટો છવાઈ ગયો. બધા સ્તબ્ધ ચહેરે પિતાની સામે જોઈ રહ્યા હતા. બધાને તેમની યાદ આવતી હતી, પણ તેમનાથી બીજું કાંઈ પણ થઈ શકતું ન હતું.

મિત્રને મદદ કરવા ગયા એમાં ફસાયા, દયા ડાકણને ખાય તેવી સ્થિતિ સર્જાઈ. ધર્મ કરવા જતાં ઘાડ પડી ગઈ હતી. પણ, હવે એનો અફસોસ કરવાની કશી જરૂર ન હતી.

૧૯૦૬નો એ સમય. પિતાએ કોર્ટને કહ્યું, 'મારી પાસે એક પૈસો પણ નથી. હું નાદારી નોંધાવી રહ્યો છું.'

સોપો પડી ગયો.

બીજું થાય પણ શું ?

આ છેલ્લો વિકલ્પ હતો.

પછી તો દિવસો વીતવા માંડ્યા.

પિતાની હયાતીમાં દેવું ચૂકવાયું નહીં. નાદારીનું ભૂત દીકરાને રાતદિવસ જંપવા દેતું નહીં. ભૂખ લાગે નહીં. ઊંઘ આવે નહીં.

ચિંતાનો પાર નથી.

પિતાનું દેવું ફેંડે તે દીકરો. સાચો દીકરો જ તે કહેવાય જે પિતાનું દેવું દૂર કરે.

આ દીકરો જ તે દિવસે મોટો બેરિસ્ટર બન્યો. ઘણા બધા રૂપિયા કમાયો. પણ પૈસાનું સુખ ટકે તેમ ન હતું. માથા ઉપર નાદારીનું ભૂત દાંતિયા કાઢતું હતું. પૈસા ભેગા કર્યા.

કોર્ટને અરજી કરી. 'હું પિતાનું દેવું ચૂકવવા તૈયાર છું. પાઈ–પાઈ આપવા માટે સજ્જ છું. મારે મારા માથેથી નાદારીનો ડાઘ દૂર કરવો છે !'

કોર્ટે તેડું મોકલ્યું.

દીકરો હાજર થયો.

પિતાનું દેવું દૂર કરીને નાદારીના કલંકમાંથી બચવું હતું. દીકરાએ કોર્ટને પાઈ પાઈ ચૂકવી કહ્યું કે, 'મને નાણાં ધીરનારને તેડાવો અને રૂપિયા દઈ દો....!'

રૂપિયા ચૂકવાયા.

પિતાનું દેવું દૂર થયું.

નાદારીનું કલંક ધોવાયું.

દીકરાની આંખમાંથી હર્ષાશ્રુ ટપકી પડ્યાં. દીકરાએ પિતાનું દેવાનું કર્જ ચૂકવીને નાદારીનો ડાઘ ધોઈ નાખ્યો હતો.

૧૯૧૩ની આ વાત.

એ પિતા હતા ભુવન મોહનજી અને દીકરાનું નામ હતું ચિત્તરંજનદાસ, આખું નામ દેશબંધુ ચિત્તરંજનદાસ.

આજે આવા દીકરાની જરૂર છે.

■